આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-14-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## સ્વાતંત્ર્ય રાષ્ટ્રજોગ સંબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેનું સીધું જીવંત પ્રસારણ આકાશવાણીના તમામ કેન્દ્રો તેમજ દૂરદર્શનની તમામ ચેનલો પર પ્રથમ હિન્દી અને અંગ્રેજીમાં સાંભળી શકાશે.

આકાશવાણીના કેન્દ્રો પર પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે **9.30** કલાકે સાંભળી શકાશે. જ્યારે દુરદર્શન પર હિન્દી અને અંગ્રેજી જીવંત પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ થશે.

**RNU /નેશનલ**

---

## 78 સ્વાતંત્ર્ય મહિલા પ્રતિનિધિ

કેન્દ્ર સરકારે **78**માં સ્વાતંત્ર્ય સમારોહ માટે દેશભરની પંચાયતોમાંથી ચારસોથી વધુ મહિલા પ્રતિનિધિઓને વિશેષ અતિથિ તરીકે આમંત્રણ આપ્યું છે. દરમિયાન પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આજે નવી દિલ્હીમાં પંચાયતમાં મહિલાઓના નેતૃત્વ અંગે એક રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પંચાયતોમાં કામ કરતી મહિલાઓ સામેના પડકારો, સફળતાની ગાથાઓ અને સ્થાનિક શાસનમાં મહિલાઓની ભાગીદારી વધારવા અંગે ચર્ચા થશે. સ્વાતંત્ર્ય પર્વની

ઉજવણી માટે આમંત્રિત તમામ પંચાયતી રાજ પ્રતિનિધિઓ આ કાર્યશાળામાં ભાગ લેશે.

**RNU /નેશનલ**

---

## તિરંગાયાત્રા અ.વાદ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું છે કે તિરંગા યાત્રા દેશભક્તિ અને વર્ષ **2024** સુધી દેશના વિકાસના પ્રતિક સમાન છે. અમદાવાદના વિરાટનગર ખાતે મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા શ્રી શાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ સફળતાના શિખર સર કરી રહ્યો છે. તેમણે નાગરિકોને, ખાસ કરીને યુવાનોને વર્ષ **2047** સુધી ભારતના વિકાસ માટેના લક્ષ્યાંક સંદર્ભે સક્રીય રીતે યોગદાન આપવા અપીલ કરી હતી.

તિરંગા યાત્રામાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

**RNU અમદાવાદ**

---

## બરડા તિરંગા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બરડા ડુંગર વિસ્તારના નેસના માલધારીઓ અને પોલીસ જવાનોએ તિરંગા યાત્રાની સોશિયલ મીડિયા પર સરાહના કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું બરડા ડુંગર વિસ્તારના નેસના માલધારીઓ અને પોલીસ જવાનોએ સાથે તિરંગા યાત્રા યોજીને દેશભક્તિનું અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે ડુંગરની કઠીન કેડીઓને પાર કરીને **2** હજાર **90** ફૂટ ઊંચાઈએ આભાપરા ટેકરીએ તિરંગો લહેરાવ્યો હતો.

**RNU અમદાવાદ**

---

## બસ પોર્ટ ભુજ રાષ્ટ્રધ્વજ

ભુજ બસપોર્ટ ખાતે સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતીમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત એસ.ટી બસમાં તિરંગો લહેરાવીને બસ પોર્ટમાં હાજર મુસાફરોને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કચ્છ જિલ્લાના રાપર ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવતા નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા અનુરોધ કર્યો હતો. રાપર તાલુકામાં સરહદી ગામ લોદ્રાણી તથા તાલુકાના વિવિધ ગામમાં તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, ગ્રામજનો, પોલીસ જવાન, બીએસએફના જવાન, હોમગાર્ડના જવાનો તથા વિધાર્થીઓ જોડાયા હતા.

**RNU અમદાવાદ**

---

## કલાતીર્થ

ભારતીય કલા અને સાસ્કૃતિક સંપદાઓનું જતન અને સંવર્ધન કરતી સંસ્થા કલાતીર્થ, ટ્રસ્ટ સુરત દ્વારા ભુજમાં શનિવારે 17મી ઓગસ્ટના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્મૃતિવન મેમોરિયલ સંગ્રહાલયના ઓડિટોરિયમમાં કચ્છના જાણીતા સંશોધક પ્રદીપ ઝવેરીના અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી અનુવાદ ડો. પૂર્વી ગોસ્વામી દ્વારા ભીંતચિત્રોમાં કૃષ્ણચરિત્ર નામે કલાગંગોત્રી ગ્રંથ તથા કૃપા પિયુષ ભટ્ટ દ્વારા કચ્છના લોકસાહિત્યકાર સ્વ. રામસિંહજીભાઈ રાઠોડનું ગુજરાતી સંસ્કરણ 'કચ્છ અને રામરાંધ' કલાગંગોત્રી ગ્રંથનું વિમોચન દિપેશ શ્રોફ, દેવેન્દ્ર પાસુના હસ્તે કરવામાં આવશે. આ અવસરે 12 જેટલા કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે સમર્પિત સર્જકોને સંસ્કૃતિ સંવર્ધક સન્માન 2024થી સન્માનવામાં આવશે.

**પ્ર.જાગતિ વકિલ**

---

# મુંદરા સેડ અકસ્માત

મુન્દ્રા તાલુકાના ભદ્રેશ્વર સ્થિત નીલકંઠ કંપનીમાં મંગળવાર સાંજે લોખંડની ચેનલના સેડ નિર્માણના માટે બનાવાયેલો માચડો તૂટી પડ્યો હતો. જેમાં **18** જેટલા મજૂરો ઘાયલ થયા છે. તો **1** મહિલા કામદારનું મૃત્યુ નિપજ્યું હોવાની દુર્ઘટના સર્જાઈ છે. ઘાયકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઘટના અંગે મુન્દ્રા મરીન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

**N.P/પદ્દણીભાઈ**

---

RNU BHUJ